સંવાદ સમાચાર
કેવળ પત્ર-પત્રિકાઓ માટે

૨, મયૂર ચેમ્બર્સ,
ગાંધીગ્રામરેલવે સ્ટેશનની સામે,
એલિસબ્રિજ, અમદાવાદ - ૩૮૦ ૦૦૬
ફોન : (૦૭૯) ૨૬૫૭૯૩૦૧,
ફેક્સ : (૦૭૯) ૨૬૫૭૯૨૨૦
E-mail : vsk.samachar@gmail.com

Email : vskguj@gmail.com Website : www.vskgujarat.com

વર્ષ : ૪ અંક : ૮૭ દિનાંક : ૧.૧૧.૨૦૧૮ સંપાદક : ડૉ. કનુભાઈ જોષી

# વિશ્વસંવાદ કેન્દ્ર-ગુજરાત, સંવાદ સમાચાર : સૌને નૂતન વર્ષાભિનંદન પાઠવે છે.

## વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા 'સ્ટેચ્યુ ઑફ યુનિટી'નું વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે અનાવરણ

વિંધ્યાચળની પર્વતમાળાના કુદરતી સૌંદર્ય સમાન સરદાર સરોવર ડેમની પાસે 'સાધુ ટેકરી' પર લોહપુરુષ સરદારની વિશ્વની સૌથી વિરાટ પ્રતિમા 'સ્ટેચ્યુ ઓફ યુનિટી'નું સરદારના જન્મ દિવસ ૩૧ ઑક્ટોબરના રોજ ગુજરાતના પૂર્વમુખ્યમંત્રી તથા વર્તમાન કેન્દ્ર સરકારના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે અનાવરણ થયું છે. આ વિરાટ પ્રતિમા ૨૯૭૯ કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર થઈ છે. ૨૫૦થી વધારે ઈજનેરો સાથે દરરોજ ૪૦૦ કારીગરો સતત બે વર્ષથી આ નિર્માણમાં કાર્યરત રહ્યા છે. સિત્તર હજાર ટન સિમેન્ટ, પચ્ચીસ હજાર ટન સ્ટીલ સાથે ૭૦૦ ટન તાંબુ આ પ્રતિમાના નિર્માણમાં વપરાયું છે. પ્રતિમાનું કુલ વજન સત્તર સો મેટ્રિકટન જેટલું અંદાજ્યું છે. ચીન, અમેરિકા, જાપાન, દુબાઈ વગેરે વિશ્વના કુશળ એન્જિનીયર્સ તથા ભારતના કુશળ શિલ્પીઓની મદદ આ કલાકૃતિનું નિર્માણ થયું છે.

પ્રતિમાની ચો તરફ સુંદર તળાવ છે જેમાં બોટીંગ, સહેલાણીઓ માટે વોકીંગ પાર્ક તથા બગીચાનું નિર્માણ થયું છે. અહીં બે હાઈડ્રોઈલેક્ટ્રીક લિફ્ટ છે. ૧૦૦થી ૧૫૦ કિ.મી. ઝડપે પવન ફુંકાય તથા ૬.૫ રીક્ટર સ્કેલનો ભૂકંપ આવે તો પણ પ્રતિમાને કોઈ નુકસાન થશે નહિ. આ પ્રતિમાના પાયાના નિર્માણમાં ગુજરાત તથા દેશભરની માટી તથા ટોકન તરીકે પ્રત્યેક ગામોના સરપંચોએ ખેડૂતો પાસેથી લોખંડ એકઠું કર્યું છે. દેશની વિવિધ નદીઓના પાણીનો પણ ઉપયોગ થયો છે. રાત્રે આ પ્રતિમા દૂરથી નિહાળી શકાય તે માટે લેશર રોશનીના ટાવર બનાવાયા છે. આવનાર દિવસોમાં ક્રમશઃ હોટલો તથા નિવાસ વ્યવસ્થાઓ ઊભી થશે. આ સ્થળ વિશ્વનું પર્યટક સ્થળ બનશે. આ અનાવરણ પ્રસંગે દેશના રાજ્યોના રાજ્યપાલ, મુખ્યમંત્રીઓ તથા વિવિધ ક્ષેત્રોના મહાનુભાવો, સાધુસંતો તથા નાગરિકો ઉપસ્થિત હતા. શ્રી મોદીએ સરદારાન જીવનના પ્રસંગોમાં સરદારની હિંમત તથા દેશના રજવાડાઓને સમજાવી એક ભારત નેક ભારતના પાયા નાખ્યા હતા, તેમ જણાવી તેમને શ્રદ્ધાંજલિ અર્પી હતી. તથા જે રજવાડાઓએ તેમનો સર્વસ્વ દેશને અર્પણ કર્યું છે તેમની સ્મૃતિરૂપ સંગ્રહાલય પણ ભવિષ્યમાં નિર્માણ પામશે. ગુજરાતના નર્મદા જિલ્લાના પાંચેક ગામ જે ચાર વર્ષમાં મોટા કદના બન્યા છે તેના નાગરિકો મોટી સંખ્યામાં આમંત્રિતો તથા નાગરિકો ઉપસ્થિત હતા. વડાપ્રધાન શ્રી મોદીએ સમગ્ર પર્યટક સ્થળની માહિતી મેળવી લાંબુરોકાણ કર્યું હતું. આ પ્રસંગે વડોદરાથી કેવડિયા સુદીના રાજમાર્ગો, વડોદરાને આંતરરાષ્ટ્રીય ફ્લાઈટ કનેક્શનો, ટ્રાન્સપોર્ટેશન તથા કેવડિયા પાલિકામાં નવી હોટલના એમઓયુ થયાં હતા. આ અનાવરણ પ્રસંગનું કવરેજ કરવા દેશ-વિદેશના બધા જ મિડીયા ઉપસ્થિત હતા.

## રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના પ. પૂ. સરસંઘચાલકનું વિજયાદશમી ઉદ્‌બોધન

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘની સ્થાપના ઈ.સ. ૧૯૨૫માં વિજયાદશમીના દિવસે થઈ હતી. પ્રતિવર્ષ પરંપરા પ્રમાણે સંઘના હેડક્વાટર નાગપુરથી સરસંઘચાલક દેશવાસીઓને વિજયાદશમીનું ઉદ્‌બોધન કરે છે. તદાનુસાર સંઘના વડા ડૉ. શ્રી મોહનરાવ ભાગવતે

દેશવાસીઓને સંદેશો પાઠવ્યો હતો. આ પ્રસંગે નોબેલ શાંતિ પુરસ્કારથી પુરસ્કૃત શ્રી કૈલાસજી સત્યાર્થી મુખ્ય અતિથિ તરીકે પધાર્યા હતા. શ્રી ભાગવતે જણાવ્યું કે દેશના સુરક્ષાબળો, રક્ષકબળો તથા તેમના પરિવારના યોગક્ષેમની વ્યવસ્થા પર ધ્યાન આપવાની જરૂર છે. આ દિશામાં શાસન દ્વારા પણ ઘણા સારા પ્રયત્નો થયા છે. દેશની બાહ્ય સુરક્ષાઓ સાથે દેશની અંતર્ગત સુરક્ષા પણ મહત્વની છે. આપણી ઓળખ હિન્દુની છે જે બધાનો આદર, સર્વનો સ્વીકાર, બધાનો મેલમિલાપ તથા બધાનું ભલું ઇચ્છે છે. તેમણે શ્રી ગુરુનાનકજી તથા તેમના અનુયાયી દસ ગુરુઓએ ૫૫૦ વર્ષ પૂર્વ હિન્દુ સંસ્કૃતિની રક્ષા માટે જે બલિદાન આપ્યા હતા તેની સ્મૃતિ કરાવી હતી. મહાત્માગાંધીજીની આ વર્ષે જોગાનુજોગ ૧૫૦મી જન્મજયંતી હોવાથી દેશવાસીઓને પ્રેમ, અહિંસા, સ્વચ્છતા તથા સામાજિક સમરસતાનો સંદેશ શ્રી ભાગવતજીએ આપ્યો હતો. શ્રી ભાગવતે વિશેષમાં જણાવ્યું કે રામમંદિર અંગે ત્વરિત નિર્ણય લેવાય તથા ભગવાન શ્રીરામના ભવ્યમંદિરનું નિર્માણ કાર્ય શરૂ થાય તે દેશના હિતમાં છે. દેશમાં ગુણવત્તાસભર સંગઠિત સમાજનું નિર્માણ થવું જોઈએ. આવા સમાજનું સંગઠન કરવા સંઘ અવિરત કાર્ય કરે છે. હિન્દુત્વના શાશ્વત મૂલ્યબોધ વડે જ દેશ વિશ્વગુરુ બની શકે છે. સૌએ સાથે મળી ભારતને તેના પુનઃગૌરવશાળી વૈભવને પ્રાપ્ત કરવા સંગઠિત થવું પડશે.

આ પ્રસંગે શ્રી કૈલાશ સત્યાર્થીએ પણ સંબોધન કર્યું હતું. તેમણે કહ્યું કે, 'હે સમાજના શુભચિંતકો ! ઊઠો અને સંપૂર્ણ રાષ્ટ્રને જગાડો.' તેમણે વધુમાં જણાવ્યું કે આ પર્વ માત્ર રામના રાવણ પરના વિજય માત્રનું નથી પણ અહંકારપર વિનમ્રતા, અનીતિ પર નીતિ, ક્રૂરતા પર કરૂણાના વિજયનું પર્વ છે. વિશ્વમાં લોકો મને પૂછે છે કે તમારો દેશ તો પ્રશ્નોની ખાણ છે. ત્યારે મારો એક માત્ર જવાબ હોય છે કે, 'ભલે ભારતમાં સો સમસ્યાઓ હોય, પણ અમારી ભારતમાતા એક અરબ પ્રશ્નોના સમાધાનની જનની છે.' તેમણે વધુમાં જણાવ્યું કે સત્યનારાયણની પૂજા પછી પંચામૃતનો પ્રસાદ હોય છે. તેવી જ રીતે આજે દેશવાસીઓને પંચામૃત અર્પું છું. જેમાં સંવેદનશીલ ભારત, સમાવેશી ભારત, સુરક્ષિત ભારત, સ્વાવલંબી ભારત તથા સ્વાભિમાની ભારતના નિર્માણ માટેનું સામર્થ્યનો સમાવેશ છે. તેમણે ઋગ્વેદના મંત્રોનો પણ ઉલ્લેખ કર્યો હતો.

સંગચ્છધ્વમ્, સંવદધ્વમ્, સંવોમનાંસિ જાનતાપ્
દેવાભાગમ્, યથાપૂર્વે સંજાનાના ઉપાસેત.

તેમણે યુવા મિત્રોને પ્રાર્થના કરી કે તેઓ ભારતના વર્તમાન અને ભવિષ્ય માટે નેતૃત્વ લે. ગામડે-ગામડે ફેલાયેલ સંઘની શાખાઓનું નિર્માણ ચાલુ રહે તથા દેશ હંમેશા વિજયના પંથે આગળ વધે. તેમણે વધુમાં જણાવ્યું કે સંઘની શાખાઓ દેશના બાળકો માટે 'ફાયરવૉલ' સમાન છે.

## પર્યાવરણવિદ, ગંગાપુત્ર, તપસ્વી તથા વિજ્ઞાની ડૉ. જી. ડી. અગ્રવાલ ગંગા કિનારે અન્ન-જળનો ત્યાગ કરી સમાધિ લીધી.

પર્યાવરણનું ટેકનિકલ જ્ઞાન ધરાવતા દેશના પ્રથમ પર્યાવરણવિદ ડૉ. જી. ડી. અગ્રવાલે ગંગા નદીના શુદ્ધીકરણ માટે પોતાનું જીવન સમર્પિત કર્યું હતું. તેમણે આઈઆઈટી રૂરકીમાંથી ડીગ્રી મેળવી હતી. તેમજ એમ.એસ. અને પી.એચડી. પર્યાવરણ એન્જિનિયરિંગ યુનિવર્સિટી ઑફ કેલિફોર્નિયામાંથી પદવી મેળવી હતી. છેલ્લા સો દિવસથી પણ અધિક સમય માટે તેમણે અન્નજળનો ત્યાગ કરી ઉપવાસ આંદોલન કર્યું હતું. તેઓ સન્યાસી તથા ગંગાપુત્ર હતા. દેશવસીઓ તથા સરકારને ગંગાનું સંરક્ષણ તથા સ્વચ્છતા કરવાનું અહ્‌વાન કર્યું હતું. અત્યાર સુધીમાં ઘણી સરકારોએ આ દિશામાં પ્રયત્નો કર્યા હતા પણ સફળતા મળી ન હતી તે માટે સૌનું ધ્યાન દોરવા તથા ગંગા સ્વચ્છતા અભિયાનમાં સક્રિય થવા સરકારને ત્વરિત પગલાં લેવા ઉપવાસ કર્યા હતા. આ મહાત્માને કોટિ કોટિ વંદન. તેમનું સમર્પણ એળે ન જાય અને સૌ મા ગંગાના સંરક્ષણ તથા સ્વચ્છતામાં જોડાય તો ને તો જ તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પી કહેવાય.

## અમેરિકાની 'ઇન્ટરનેશનલ જિનેટિકલી એન્જિનિઅર્ડ' (IGEM) કોન્ફરન્સમાં પેરિસની ટીમની આગેવાની અમદાવાદનો યુવક કરશે.

અમદાવાદ મણિનગરનો દર્શન કાર્તિકેય ભટ્ટ હાલમાં પેરિસની મેરી ક્યુરી યુનિવર્સિટીમાં માઈક્રો-બાયોલોજીમાં અભ્યાસ કરે છે. તેણે એમ. જી. સાયન્સ અમદાવાદથી ગોલ્ડમેડલ સાથે બી.એસસી. કર્યું હતું. અમેરિકાના મેસેચ્યુએટ રાજ્યના બોસ્ટન ખાતે આ કોન્ફરન્સ યોજાયી હતી. આ ટીમે એન્ટિબાયોટિકનો વિકલ્પ શોધ્યો છે. એન્ટિબાયોટિકની શરીરમાં વિપરિત અસરોને ધ્યાનમાં લેતાં આ વિકલ્પ શોધાયો છે. શરીરમાં જ રોગના જીવાણુંઓ-બેક્ટેરિયા સાથે લડી શકે તેવા કોષો પેદા

કરવાની ટેકનીક વિકસાવી છે. આ જિનેટિકલ એન્જિનિયરિંગનો વિષય હાલ સંશોધનના શરૂઆતના તબક્કામાં છે. આ કોન્ફરન્સમાં વિષય રજૂઆત (પ્રેઝન્ટેશન) માટે શ્રી દર્શન ભટ્ટની છટા તથા વ્યક્તિત્વને સૌએ બિરદાવી હતી.

## મેઘાણીની સ્મૃતિને જીવંત રાખવાનો તેમના પૌત્ર પિનાક મેઘાણીનો પ્રયત્ન : 'મેઘાણીગાથા' પુસ્તકનું અનાવરણ

રાષ્ટ્રીય શાયર, લોકસાહિત્યના સંશોધક, સ્વાતંત્ર્ય સેનાની અને સંનિષ્ઠ પત્રકાર ઝવેરચંદ મેઘાણીના જીવન અને કાર્યને આલેખતું પુસ્તક : 'મેઘાણીગાથા' લોન્ચ થયું છે. આ પુસ્તક તેમના પૌત્ર પિનાક મેઘાણી દ્વારા તૈયાર થયું છે. તેમાં મેઘાણીના જીવનની દુર્લભ તસવીરો, શ્રી મેઘાણીના માહાત્મા ગાંધી, સરદાર પટેલ, રવિન્દ્રનાથ ટાગોર તથા શ્ર રવિશંકર મહારાજ સાથેના સંભારણાનો ઉલ્લેખ થયો છે. દેશની નવી પેઢીમાં દેશભક્તિની ભાવના તથા જીવન મૂલ્યોના સંસ્કાર-સિંચન માટે પુસ્તક ઘણું જ સારું છે. આ પુસ્તક કોઈને ભેટ સ્વરૂપ આપવા તથા પરિવારમાં વાંચન માટે વસાવવા જેવું છે.

## પાડોશી દેશોમાં લઘુમતી તરીકે ગણાતા નાગરિકોને ભારતનું નાગરિકત્વ આપવાની સત્તા કલેક્ટરોને સોંપતી કેન્દ્ર સરકાર.

હવે ભારતના વિદેશમંત્રાલય તથા પ્રધાનમંત્રી કાર્યાલયે ભારતના નાગરિકત્વ અંગે નિર્ણય લેવા જિલ્લા કલેક્ટરોને સત્તા અપી છે. ગુજરાતના અમદાવાદ, કચ્છ તથા ગાંધીનગરના કલેક્ટરશ્રીઓને આ સત્તા આપવામાં આવી છે. પડોશી દેશના પરંતુ ભારતમાં રહેતા હિન્દુ, શીખ, બૌદ્ધ, જૈન, પારસી અને ખ્રિસ્તીઓ માટે સરકાર દ્વારા આ રાહત આપવામાં આવી છે. દેશના કુલ ૧૬ જિલ્લાઓમાં આ કાર્યવાહી હાથ ધરાઈ છે.

## સોશિયલ મીડિયામાં ફેલાતી અફવા અટકાવવા ગૂગલ, ફેસબુક તથા વોટ્એપને કેન્દ્ર સરકારનો આદેશ

સામાન્ય રીતે સમાજમાં સોશિયલ મીડિયા મારફતે અફવાઓ ફેલાય છે. તેથી સમાજમાં અશાંતિનું વાતાવરણ સર્જાય છે. આ અફવાઓ - મોબાઈલ, ટી.વી. જેવી સુવિધાઓથી ફેલાય છે. જેમાં ફેસબુક તથા વોટ્સએપ છે. કેન્દ્ર સરકારે ૨૦૧૯ની ચૂંટણી પહેલાં આ વ્યવસ્થા-તકેદારી માટે ગૂગલ, ફેસબુક, વોટ્સએપ, યુટ્યુબ તથા ઇન્સ્ટાગ્રામ જેવી કંપનીઓને ચેતવણી આપી છે.

## સબરીમાલા મંદિર વિવાદ : સુપ્રીમકોર્ટે મહિલાઓને દર્શનની છૂટ આપવાનો ચૂકાદો આપ્યા છતાં ત્યાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ.

આજકાલ સબરીમાલામાં બહેનોના પ્રવેશનો મુદ્દો ખૂબ જ ચર્ચાસ્પદ બન્યો છે. મંદિરમાં ૧૦ વર્ષથી નાની તથા ૫૦ વર્ષથી ઉપરની બહેનો માટે પ્રવેશની છૂટ હતી. પણ ૧૦ થી ૫૦ વર્ષ વચ્ચેની બહેનો માટે પ્રવેશ નિષેધ હતો. કેટલાક સંગઠનો દ્વારા આ પ્રશ્ન અંગે સુપ્રિમ કોર્ટમાં રજૂઆત કરવામાં આવી હતી તેથી સુપ્રીમે આ રૂઢિગત પ્રણાલીના વિરોધમાં ચૂકાદો આપ્યો હતો. બહેનોને સમાન દરજ્જો તથા હક આપવો તેવું સુપ્રીમનું સ્પષ્ટ માનવું છે. આ અંગે દેખાવો થતાં હજારો લોકોની અટકાયત થઈ છે. ત્યાં ભારેલા અગ્નિ જેવી સ્થિતિ છે. કેટલાક સંગઠનો સુપ્રીમના આ ચુકાદાથી નારાજ છે. તેઓ મહિલાઓને મંદિરમાં જતી અટકાવે છે. પોલીસ અને પ્રજા આમને સામને આવી ગઈ છે.

## ગુજરાતમાં ૨૮ ઉદ્યોગકારો આપબળે અબજોપતિ બન્યા.

બાર્કલેઝ હુરુન ઇન્ડિયા રિચલિસ્ટમાં ૨૦૧૮માં ગુજરાતના ૫૮ અબજોપતિઓનો ઉલ્લેખ થયો છે. જેમાં ૨૮ ઉદ્યોગકારો પોતાની ઉદ્યોગ સાહસિકતા તથા કૌશલ્યોથી આપબળે આગળ આવ્યા છે. ગુજરાતના ઉદ્યોગકારોએ મોટી સંખ્યામાં રોજગારી પૂરી પાડ્યાનો હેવાલ પણ છે. આ અબજોપતિની યાદીમાં આઈટી સેક્ટર અને સર્વિસ સેક્ટરના અબજોપતિઓની સંખ્યા વધુ માલુમ પડી છે. ગુજરાતમાં ગૌતમ અદાણી પ્રથમક્રમે તથા કેડિલા હેલ્થ કેરના પંકજ પટેલ દ્વિતીય સ્થાને છે.

## માટીનો લેપ લગાવવાથી બીમારી પેદા કરતા જીવાણુંઓ સામે લડવામાં મદદ થાય છે.

વિશ્વમાં કેટલીક પ્રાચીન ઉપચાર પદ્ધતિઓમાં

માટીનો લેપ અસરકારક સાબિત થયો હતો. શરીર પર માટીનો લેપ લગાવવાનો પ્રયોગ ગાંધીજી તથા ઋષિઓ પણ કરતા હતા. પણ આ ઉપચાર પદ્ધતિ અંગે અમેરિકાની સ્ટેટ યુનિવર્સિટીના સંશોધકોએ વિશેષ પ્રકારની આયર્નવાળી માટીના લેપના પ્રયોગો કર્યા છે. તેમના સંશોધન પ્રમાણે માટીમાં સીઆરઆઈ તેમજ એમઆરએસઈ જેવા રોગ પ્રતિકારક બેક્ટેરિયા સહિત એસ્ચેરીચિયા અને સ્ટાફિલોકોક્સ એરિયસ બેક્ટેરિયા સામે લડવાની એન્ટી બેક્ટેરિયલ ક્ષમતા હોય છે. આ માટીના લેપ દ્વારા પર્યાવરણના ખતરાથી રક્ષણ મળવાનું સાબિત થયું છે. સંશોધનના તારણોમાં જાણવા મળ્યું છે કે કુદરતી વાતાવરણમાં ખુલ્લી જગ્યાએ માટીમાં રમતા બાળકોની રોગપ્રતિરાક ક્ષમતામાં અન્ય બાળકો કરતાં વધુ માલુમ પડી છે.

## ફ્રાન્સમાં વિચિત્ર કિસ્સો : બાળકોને માત્ર કેક અને કોકા-કોલા પીવડાવવાથી શારીરિક તથા માનસિક વિકાસમાં અવરોધ.

ફ્રાન્સમાં એક વિચિત્ર કિસ્સો જોવા મળ્યો છે. ધ સ્ટેટ્સ ટાઈમ ફ્રાન્સના અહેવાલ મુજબ એક વ્યક્તિની ધરપકડ કરી છે જે તેના બાળકો અને પત્નિ પર અત્યાચાર કરતો હતો. તેને તેના બાળકોને લાંબાગાળા સુધી માત્ર કેક અને કોકો-કોલા પીવડાવ્યા હતા. પરિણામે તેના બાળકોના દાંત સડી ગયેલ માલુમ પડ્યા અને બાળકોમાં મેદસ્વિતાપણું પણ જોવા મળ્યું. આ કિસ્સામાંથી હેલ્થકેર સંશોધકને મહત્વની માહિતી મળી છે. તેમના સંશોધન પ્રમાણે કોકા-કોલામાં ફક્ત સુગર હોય છે. તેમાં કોઈ પ્રકારના પોષકતત્વો નથી. જે બાળકોની મેદસ્વિતામાં વધારો કરે છે અને તેમનું માનસિક સમતુલન પણ બગાડે છે.

## ચીનમાં દુનિયાનો સૌથી લાંબો સમુદ્ર બ્રિજ શરૂ થયો.

ચીન વાહન વ્યવહાર માટે અવનવા પ્રયોગ કરે છે. હાલમાં તેણે હોંગકોંગ એરપોર્ટથી ઝુહાઈ પહોંચવા સમુદ્ર પર વિશ્વનું ધ્યાન ખેંચાય તેવા પુલનું નિર્માણ કર્યું છે. આ પુલ ૯ વર્ષમાં પૂર્ણ થયો છે. એફીલ ટાવર કરતાં ૬૦ ગણું વધુ સ્ટીલ વપરાયું છે. આ પુલ રિએક્ટર પર ૮ની તીવ્રતાના ભૂકંપને પણ સહન કરવાની ક્ષમતા ધરાવે છે. ૫૫ કિ.મી. લાંબા આ પુલ પર દૈનિક ૯૨ હજારથી પણ વધુ વાહનો પસાર થશે. પુલના નિર્માણમાં ૧૪.૭૨ લાખ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે. પુલના નિર્માણમાં ૧૮ મજૂરોના મોત થયા હતા તથા ૧૦૦થી વધુ ઈજાગ્રસ્ત થયા હતા. આ પુલની વિશેષતામાં અહીં એક પણ પદયાત્રી જોવા મળશે નહિ.

## ઉત્તર પ્રદેશના અલ્લાહબાદ શહેરનું નામ બદલીને પ્રયાગરાજ કરવામાં આવ્યું.

ઉત્તર પ્રદેશની સરકારના મુખ્યમંત્રી શ્રી યોગી આદિત્યનાથ તેમની કાર્યશૈલીથી દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થતા જાય છે. તેમણે સંપૂર્ણ ભારતીય સંસ્કૃતિની આસ્થાનો સંદેશો આપ્યો છે. શ્રી યોગીએ રાજ્યમાં જ્યાં જ્યાં વિદેશી આક્રમણખોરોની નિશાનીઓ છે તેને નાબુદ કરવાનાં અનેક નિર્ણયો કર્યા છે. જેમાં હાલમાં હિન્દુઓનું આસ્થા સ્થાન પ્રયાગરાજ છે.  ગંગાનદીના પવિત્ર કિનારે વસેલું શહેર અલ્લાહબાદ તરીકે હતું જે બદલીને પ્રયાગરાજ કર્યું છે. તે અનુસંધાને શહેરમાંથી બધા જ સાઈન બોર્ડ બદલી નાખવામાં આવ્યા છે. અહીંની કોર્પોરેશને આ સ્થળને સંપૂર્ણ યાત્રાધામ પ્રયાગરાજની ઓળખ આપવાનું શરૂ કર્યું છે.

## ભારતમાં હવે એન્જિન વિનાની ટ્રેન દોડશે : ભારતીય રેલની સિદ્ધિ

વિશ્વમાં ભારતીય રેલ્વે એ ખૂબ જ નામના મેળવી છે. આપણી રેલ્વેએ અનોખી સિદ્ધિઓ હાંસલ કરી છે. તેમાં એક વધુ સિદ્ધિનો ઉમેરો થયો છે. ચેન્નાઈની ઇન્ટિગ્રલ કોચ ફેક્ટરીમાં 'ટ્રેન-૧૮' નામની એવી ટ્રેન બનાવી છે કે જેને દોડાવવા એન્જિનની જરૂર નહીં પડે. ૧૪૦ કિ.મી.થી ૨૨૦ કિ.મી.ની ઝડપથી દોડતી આ ટ્રેન અતિ આધુનિક હશે. જેમાં બધી જ સુવિધાઓ હશે. સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઈઝ ટ્રેન બુલેટ ટ્રેનના મોડલ પર તૈયાર કરેલી આ ટ્રેન મુસાફરીનો ૧૦-૧૫ ટકા સમય બચાવશે. મેક ઇન ઇન્ડિયા અંતર્ગત આ ટ્રેન દોઢ વર્ષના ગાળામાં જ તૈયાર કરાઈ છે. આ ટ્રેનના નિર્માણમાં અંદાજે ૧૦૦ કરોડ રૂપિયાનો ખર્ચ થયો છે.  જો આ ટ્રેઈન વિદેશથી આયાત કરાઈ હોત તો તેની પાછળ ૧૭૦ કરોડનો ખર્ચ થવાનો હતો. ભારતીય રેલના એન્જિનિયર્સની આ સિદ્ધિથી વિશ્વમાં આપણી બૌદ્ધિક ક્ષમતા પ્રસંશનીયતાને પામી છે. આ ટ્રેનમાં ૧૬ એસી કોચ તથા બે એક્ઝિક્યુટિવ ક્લાસ હોય છે. આ ટ્રેનમાં જે સીટો લગાડેલ છે તે ૩૬૦ અંશ ચારે બાજુ ફરી શકે છે. ટ્રેનમાં લગાડેલ સીટોની રચના અદ્‌ભૂત છે. મુરાબાદ-બરેલી અને કોટા-સવાઈ માધોપુર રૂટ પર આ ટ્રેનનો ટ્રાયલ લેવાશે.

* * *